R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

YEAR-27 • ISSUE: 41 DATE: 13-10-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ગુજરાતમાંથી પરપ્રાતિયોની હિજરત : એક ગુનેગાર માટે સમગ્ર સમાજને નિશાન બનાવતું રાજકારણ ચુંટણી સમીકરણો સેટ કરવાના પ્રપંચો પૈકીનું કારણ તો નથીને ?






હિંમતનગર નજીકના ઢંઢુર ગામે ૧૪ મહિનાની બાળકી પર થયેલા બળાત્કાર બાદ સમગ્ર રાજયમાં પરપ્રાંતિય મજુરો પર શરુ થયેલા હુમલા સતત જારી રહ્યા છે. એક અંદાજ મુજબ અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસતા પર પ્રાંતિય મજુરો હિજરત કરવા મજબુર બન્યા છે.લગભગ એકાદ લાખ જેટલા પરપ્રાંતિય મજુરો ગુજરાત છોડીને હિજરત કરી ગયા છે.ગુજરાતમાં પર પ્રાંતિય પર હુમલાનો મુદ્દો સ્થાનિક સ્તરે ભાજપઅને કોંગ્રેસ વચ્ચે રાજકીય સોગઠાબાજીથી આગળ વધીને રાષ્ટ્રીય સ્તરે પણ ગુંજ્યો છે. તેના પરિણામે વડાપ્રધાન મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી રુપાણી સાથે ફોન પર વાતચીત કર્યાના અહેવાલો મળ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં પરપ્રાંતિય શ્રમિકો પર હુમલાના બનાવો જારી રહ્યા છે.ગુજરાતના ગૃહમંત્રી જાડેજાએ રાજ્યના પોલીસ વડા સાથે કોન્ફરન્સ યોજીને પ્રરપ્રાંતીયાનૌ રક્ષણ આપવાના અને તેમને સલામતીનો અહેસાસ કરાવવાની સુચનાઓ આપી હતી.જ્યારે મુખ્યમંત્રીશ્રીએ હુમલા કરનારાઓ સામે કડક હાથે કામ લેવાના આદેશ આપ્યા હતા.

પરપ્રાંતિયો તેમના પરિવારજનો સાથે વતન જવા માટે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ખડકાઈ ગયા હતા.સુત્રોના જણાવ્યા મુજબ એકાદ લાખની સંખ્યામાં પરપ્રાંતિય લોકો તેમના વતન જવા નીકળી ગયા છે.જો કે છેલ્લા કેટલાક દિવસોમાં હુમલાના નવ જેટલા બનાવો નોધાયા હતા.સરકારે કડક હાથે કામ લેવાના આદેશ આપ્યા છતાં પણ બનાવો બન્યા હતા.કેટલાક વિસ્તારોમાં પાણીપુરી વેચતા લોકોને સ્થાનિક લોકોએ ભગાડી મુક્યા હતા.જો કે જાહેરમાં છેડતીનો એક બનાવ નોધાયો હતો.જે ગુજરાતની અસ્મિતાને કલંકિત કરનારો છે. આ ઉપરાંત સોરાષ્ટ્રના કોડીનાર, છારા જેટીના બાંધકામના પરપ્રાંતિય મજુરો પર સ્થાનિક ગ્રામજનો વિફર્યા હતા અને તેમને હિજરત કરવા મજબુર કર્યા હતા.ગુજરાતના ઠેર ઠેર વિસ્તારમાં કામ કરી રહેલા પરપ્રાંતિય શ્રમિકો માટે ઉચાળા ભરવા માટેનું વાતાવરણ ઊભુ થયું છે. જેના કારણે આ શ્રમિકો તેમના વતન પરત જવા મજબુર બન્યા છે. જો કે કેટલાક મુઠ્ઠીભર લોકોના આ કારસ્તાનથી ગુજરાતના સંસ્કાર લજવાયા છે.અને સરેરાશ ગુજરાતીઓ આવા બનાવોથી નાખુશ છે.જો કે જે પ્રમાણે ઘટનાઓ બની છે તે જોતાં દેશ વિદેશમાં ગુજરાતીઓને ભવિષ્યમાં શોષવાનું આવશે તેમ જણાય છે.ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો તરફથી જે પ્રતિક્રિયા વ્યક્ત કરવામા આવી રહી છે તે જોતાં આ બનાવોની અસર ભારતીય જનતા પાર્ટીની છાપ ઉપર પડી શકે છે.વારાણસીમાં પણ વડાપ્રધાની આબરુના લીરા ઉડાવતા પોસ્ટરો લગાવાયા છે.મોદી અને અમિત શાહ પાછા જાવ જેવા સુત્રોચ્ચાર કરતાં ટોળાઓ જોવા મળે છે.આ પ્રદેશોનો લોકમત ભાજપની વિરુધ્ધમાં જતો જોવા મળે છે. ગુજરાત સહુ કોઈ માટે સલામત અને વ્યાપાર ધંધા માટે યોગ્ય જગ્યા ગણવામાં આવે છે. પરપ્રાંતિયોની હિજરતથી ગુજરાતના વિકાસમાં રુકાવટ આવશે કારણકે કેટલાક ઉદ્યોગો આ શ્રમિકોના આધારે જ ચાલે છે.ભાવનગરની આજુબાજુના વિસ્તારો જેવા કે અલંગ, સુરત વિસ્તારની આજુબાજુના વિસ્તારોમાં બહુમતી યુપી બિહારના શ્રમિકોની છે અને તેના કારણે ત્યાંના ઉદ્યોગો ધમધમે છેએ તમામને મોટી ખોટ પડવાની છે અને આ ઉદ્યોગો ઠપ્પ થઈ જવાના આરે ઉભા રહ્યા છે.દેશભરમાં આ ઘટનાએ પલિતો ચાંપ્યો છે. ઉત્તર ભારતમાં દેશના વિવિધ વિસ્તારોમાં શ્રમિકો કામ કરવા માટે જાય છે જો તેઓ પરત જાય તો વિકાસના પૈડા થંભી જશે.સરકાર આવા સમયમાં આ બાબતને ઝડપથી સુલટાવે તે જરુરી છે નહીતર પ્રાતવાદ ભરખી જશે.







નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

ગુજરાતમાંથી પરપ્રાંતિય લોકોની હિજરત થઈ રહી છે તેના પાછળનું કારણ સાબરકાંઠાના હિંમતનગર શહેર નજીકથી એક બાળકી સાથે થયેલ દુષ્કર્મ છે.અને તેમાં સંડોવાયેલ વ્યક્તિ એક બિહારી તરીકે કહેવામાં આવતાં ઘણા બધા શહેરોમાં પરપ્રાંતિય લોકો સાથે મારઝુડ કરીને તેમને હિજરત કરવા માટે મજબુર કરવામાં આવ્યા.લગભગ એકાદ લાખ જેટલા શ્રમિકો પોતાના વતન જવા નીકળી ગયા. પરિણામે ઉદ્યોગોમાં ૭૦ ટકા શ્રમિકો પરપ્રાતિય છે અને તેમના જવાથી ઉત્પાદકતામાં૪૦ ટકાનો ઘટાડો અને કરોડોનું નુકશાન જશે.નુકશાન ભરપાઈ કરવામાં વરસો લાગી જશે.પહેલાની જેમ કામ શરુ કરવામાં ઘણો સમય લાગી જશે.જો કોઈ વ્યક્તિએ ખોટુ કામ કર્યું હોય તો તેનેકાયદા પ્રમાણે દંડ મળવો જોઈએ,પરંતુ કાયદો હાથમાં લેવાનો કોઈને અધિકાર નથી. પરંતુ દુષ્કર્મ કરનાર વ્યક્તિ બિહારી મુળનો હોવાને કારણે સમગ્ર બિહાર-યુપીના લોકો પર લોકો તુટી પડ્યા અને સરકાર જોતી રહી.ગુજરાતમાં જે કાંઈ થઈ રહ્યું છે તેની પાછળ ગમે તે રાજકારણ હોઈ શકે છે પરંતુ તેને બાજુ પર મુકીને દેશમાં કાયદાનું પાલન થાય તે માટે સત્તા સ્થાને બેઠેલા લોકોએ ધ્યાન નહી આપીને દોષનો ટોપલો અન્યો પર ઢોળી દેવાથી જે કાંઈ બની રહ્યું છે તેની જવાબદારીમાં છટકી શકાય નહીં.

સરકારે શરુઆતમાં કાયદો અને વ્યવસ્થાની પકડ મજબુત રાખી હોત તો આ પરિસ્થિતિ સર્જાઈ ના હોત.હજારો લોકો પલાયન થઈ જાય પછી સરકાર રોદડા રોવા બેઠી છે.કોગ્રેસના માથે ઠીકરા ફોડવા માટે નિવેદનો કરવા સિવાય સરકારી મશીનરીએ કાંઈ ઉકાળ્યું નથી. ગુજરાતમાં પાછળના વર્ષોમાં બનેલી ઘટનાઓમાં લઘુમતીઓને થયેલી હત્યાઓ પાછળ સરકારની સમયસર પગલાં ભરવાની નાકામયાબી જ જવાબદારી હતી કે અન્ય કોઈ કારણ હતું તે હજુ સુધી સાબિત થઈ શક્યું નથી.ગુજરાતમાંથી પર પ્રાંતિયોની હિજરત દેશમાં આવી રહેલી ચુંટણીઓમાં કેવા પરિણામો સર્જશે એ આવનારા દિવસોમાં જણાઈ આવશે.પરંતુ જે કાંઈ બની રહ્યું છે તેનાથી દેશ વિખરાવા તરફ આગળ વધી રહ્યો છે.આસામ,મણિપુર,મહારાષ્ટ્ર અને ગુજરાત પ્રરપ્રાતિય પર અત્યાચારો ગુજારવામાં આવી રહ્યા છે.સૌથી વધુ શ્રમિકો યુપી,બિહાર, ઓરિસ્સા અને બંગાળના દેશના વિવિધ ભાગોમાં રોજગારી માટે જતા હોય છે. દેશના નાગરિકો તરીકે તેમના નાગરિકી અધિકારોનું રક્ષણ કરવાની દરેક પ્રાંતની સરકારની ફરજ અને જવાબદેહી બને છે.દેશને કાયદાની રાહે ચલાવવામાં નહીં આવે તો પછી સમગ્ર દેશમાં અરાજકતાની સ્થિતિ ઉભી થશે.આ દેશ બધાનો છે.અહીયા કોઈની સાથે ધર્મ,જાતિ, રંગના આધારે ભેદભાવ કરવો જોઈએ નહીં.

## મંતવ્ય

કૌભાંડોની હેડલાઈનો લગભગ ભુંસાવા લાગી ,ત્યાં મીટુ નામના અભિયાનનો ઉદય થયો અને જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓ પર મહિલાઓનો સતાવણીનો પર્દાફાશ કરતો નવો એક ખેલ શરુ થયો.દેશભરમાં આ અભિયાન શરુ થયું છે. જેમાં રાજકારણીઓ અને ફિલ્મી હસ્તીઓ પર એટેક થઈ રહ્યા છે.જેમાં ૧૦ વર્ષ પહેલાં આવું થયું હતું તેવું કહીને તેમની કારકીર્દીને કલંકિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કેટલાક બનાવોની છાનભીન કરીએ તો તેમાં માત્ર એવુ કરવા પાછળનો કોઈ ખોટો આશય હોવાની શંકા ઊભી થાય છે.ફિલ્મીસ્તાનમાં ગીવ એન્ડ ટેક જેવી બાબતો બનતી રહી છે અને બનતી આવી છે.જેમાં કેટલાક અપવાદો હોઈ શકે છે.બધી જ વખતે બધા ગુનેગાર હોઈ ના શકે.કેટલાકને દંડિત કરવા માટેના પ્રયત્નો કે લાઈમલાઈટમાં ફરીથી આવવાના પ્રયત્નો પણ હોઈ શકે છે.ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં પણ મોટો ભ્રષ્ટાચાર ચાલે છે તેવુ કેહવાયું છે.બાળ વિકાસ અને મહિલા વિભાગ સંભાળતા કેન્દ્રીય મંત્રી મેનકા ગાધીએ આ ઝુંબેશથી બહાર આવેલા જાતીય સતાવણીના કેસોમાં દેખરેખ માટે એક કમિટિની રચના કરવાની જાહેરાત કરી નાંખી છે.તેમાં સભ્યો તરીકે કાનુની અને ન્યાયિકક્ષેત્રના વરિષ્ઠ લોકોનો સમાવેશ થાય છે.જો કે ન્યાયિક ક્ષેત્રના એક મહિલા જજે વરિષ્ઠ જજની સામે જાતીય સતાવણીની ફરિયાદ કરી છે તો પછી આ કમિટિમાં આવનારા લોકો માટે કોણ સારાનું સર્ટી આપશે.

મનહર કે. ઉપાધ્યાય

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ગરીબી-ઉન્મુલનની વાતો કરી, છતાં ઘટી નથી

દેશમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ગરીબ સમાજ અને સરકારી પગલાંઓ વિશે વાત કરી. પંડિત નહેરુના સમયથી અત્યાર સુધીનો ટુંકો ઈતિહાસ જોયો. રોટી,કપડાં ઔર મકાન અને ગરીબી હટાવોવાળા અર્થતંત્રમાંથી બહાર આવીને આપણે આર્થિક ઉદારીકરણની દિશા પકડી છે.પ્રારંભ સારો હતો, પણ પછી વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડાઈ જતાં વિવિધ પ્રશ્નો આપણી સમક્ષ આવ્યા અને ગરીબી અને ગરીબીની વાત કરીએ ત્યારે કેટલીક વાતો ખાસ નોંધ માગી લે છે.આપણે દેશને જાણે ઈન્ડીયા અને ભારત એમ બે વિભાગમાં વહેચી દીધો છે.જે વિકસિત,સુધરેલું,ચમકદમવાળું દેખાય છે તે દેશનું નામ ઈન્ડીયા છે અને ગંદકી,અભાવ,ભિક્ષુકોના ટોળા, ઝુંપડપટ્ટીઓ, ગંદા ગોબરા ફરતા લોકો,રાશનની ,રેલ્વે કે બસના પાસ કઢાવવાની કે એ પ્રકારની લાઈનોમાં ઉભુ રહેવું તે ભારત છે.જે કડકડાટ અંગ્રેજી બોલે છે તે ધનવાન ઈન્ડીયા છે.જે ગામઠી બોલી ,શૈલી અને રહેણી કરણીમાં છે તે ગરીબ ભારત છે. સુટેડ બુટેડ ધનવાન ઈન્ડીયા છે, ફાળિયુ,પાઘડી,ટોપી ધોતીયું, એ ગરીબ ભારત છે.આવી બધી વિભાવનાઓ વચ્ચે પણ એક હકીકત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘના અંદાજ મુજબ દુનિયાના ૨૫ ટકા ગરીબો અને કુપોષણના શિકાર બનેલા એવા લોકો ભારતમાં વસે છે.

દેશમાં ૬૫ વર્ષોમાં જેટલી સરકારો આવી તે બધી સરકારોએ ગરીબી ઉન્મુલનની વાતો કરી. તેને માટે જુદા જુદા કાર્યક્રમો આપ્યા અને છતાં પણ દેશમાંથી ગરીબી હટી નથી.કુપોષણ ગયું નથી.જે ખેડુત જાતે મજુરી કરીને અનાજ પકવે છે તે આપઘાત કરવા કેમ પ્રેરાય ? તે ખેડુત જ સૌથી વધુ કુપોષણનો શિકાર કેમ ?આવા પ્રશ્નોના જવાબ એ છે કે , ખેડુત અનાજ પકવે છે તે જાતે પોષ્ટીક ખોરાક નથી ખાઈ શકતો.તેના કુટુંબને નથી ખવડાવી શકતો.પોતાના બાળકોને ભણાવી નથી શકતો.

ગરીબી ખરેખર હટાવવાનો ઉપાય એ છે કે જે તે ગરીબને તે પોતાનું તથા પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવા કામમં જોતરવો.તેને આધાર કાર્ડના આધારે સીધી રોકડ સબસીડી આપવાથી,વરસમાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપવાથી કે ૩૫ કીલો અનાજ આપી દેવાથી ગરીબી દુર થઈ શકે તે વાતમાં માલ નથી.આ રીતે ગરીબીને લાંબાગાળા સુધી ટકાવી શકાય ખરી, જેમ આપણે દેશમાં આઝાદી પછી કરતાં આવ્યા છીએ અને હજુ પણ કરી રહ્યા છીએ.અર્થશાસ્ત્રના એક સિધ્ધાંતમાં ખાડા ખોદાવીને ખાડા ભરાવતા રહેવાની વાત આવે ચે. આ કળામાં આપણે નિષ્ણાંત છીએ. ખાડા ખોદાવતા રહીએ છીએ અને ખાડા ભરાવતા રહીએ છીએ. પરંતુ ગરીબના પેટના ખાડા ભરી નથી શકાતા.

જે સહેલાઈથી તેને બીડી,તમાકુ,દારુ વગેરે મળે છે તે સહેલાઈથી તેને દુધ,ઘી,અનાજ મળતું નથી.પ્રામાણિક અને ઉત્પાદક કામ મળતું નથી.પૌરાણિક હિન્દુ સંસ્કૃતિમાં ગૌપાલનનું મહત્વ અંકાયેલુ છે.ગરીબ ખેડુતને કેશ સબસીડીને બદલે દુધાળુ જનાવર આપવામાં આવે તો તેમાંથી જે અર્થશાસ્ત્ર નીપજે તે ગરીબી દુર કરવામાં મદદ કરી શકે.

કતલખાનાના ઉદ્યોગ માટે સબસીડીઓ અને રાહતો આપતાં આપણે એક મુદ્દાની જે વાત ભુલી જઈએ છીએ તે એ કે દુધ રોજિંદો ખોરાક છે. પૌષ્ટિક પણ છે . દુધાળું ગાય કે ભેસ દિવસમાં જેટલું દુધ આપે તેમાંથી ઘર વપરાશનું કાઢી લઈને જે તે દુધાળું પ્રાણીનો માલિક સહકારી મંડળીને,ડેરીને કે બજારમાં વેચી રોજગારી ઉભી કરે. આ રીતે તે સ્વાવલંબી બને.પગભર થાય અને ઉત્પાદક બને. ખેતીઅને પશુ પાલન આમ પરંપરાગત રીતે આપણા અર્થશાસ્ત્રના મુખ્ય અંગ રહ્યાં છે.તેની ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવે તો ગરીબી અને રોજગારીની સમસ્યામાંથી વહેલો છુટકારો થાય.

ઉતાવળે લેવાતાં પગલાં પાછળ રાજકીય લાભ ખાટવાની મંછા હોય એ સ્વાભાવિક છે. પરંતુ અર્થશાસ્ત્રીઓ અને સરકારો, અમલદારો અને વ્યવસ્થાપકો વિચારે ભલે બંધ ઓરડામાં, પણ તે પહેલાં બહાર નીકળીને એકવાર ખુલ્લી આંખે વાસ્તવિકતા પણ જોઈ લે.આપણે જે પ્રગતિની, વિકાસની કે વૃધ્ધિની વાત કરી રહ્યા છીએ ત્યારે આપણે જાણીએ છીએ ખરા કે આપણે જાહેર જીવનને સ્પર્શતી કેટલીક બાબતોમાં બેન્ચ માર્ક સ્થાપિત કર્યા છે.કેટલી બાબતોમાં સ્ટાન્ડર્ડાઈઝેશન કર્યુ છે.આપણી પાસે રસ્તા ઉપર બંમ્પ બનાવવાનું કોઈ ગણિત છે ?ઓવરબ્રીજ ઉપર પણ ટ્રાફિક પોઈન્ટ મુકવા પડે તેવું આયોજન દુનિયામાં ક્યાંય જોયું છે. દોઢસો કીલોમીટરના હાઈવે પર ત્રણ ત્રણ વાર,ચાર ચાર વાર ટોલટેક્ષ બુથ આવે ખરાં ? શહેરની વચ્ચોવચની આખી રેલ્વે લાઈન જાહેર શૌચાલયમાં હોય , ગમે ત્યાં થુંકવા, પેશાબ ટ્ટટી કરવા, ગાડી સ્કુટરો આડેઘડ ઉભા કરવાની છુટ હોય, રેલ્વે પ્લેટફોર્મ અને બાગ બગીચા દારુડીયા જુગારીઓ અને લફરાબાજોના અડ્ડા હોય.શિક્ષણશાસ્ત્રીઓને લાઈબ્રેરીની નહી, પણ સ્વીમીગ પુલોમાં ધુબાકા મારવા હોય, સ્કુલ કોલેજોને દુકાનોની જેમ ચલાવવી હોય,દવાખાનાઓમાં દવા અને ડોકરો સિવાય બધું જ હોય. ડીઝાસ્ટર મેનેજમેન્ટવાળાઓને ડીઝાસ્ટર અને અકસ્માત વચ્ચેનો ભેદ ખબર ન હોય. ગોદામોમાં અનાજ સડતું હોય.જંતુનાશકો સોફ્ટ ડ્રિંક્સ અને મધ્યાય ભોજનમાં ભેળવાતાં હોય, પુલો ઈમારતો અડધી પડધી બની હોય ન બની હોય ત્યાં ધબાય નમઃ થઈ જાય. આપણી સાચી ગરીબી આ છે.આ ગરીબી દુર કરવાના પગલાં લેવાશ ત્યારે ગાંધીજીએ કહેલા છેવાડાના માણસને આપણે ધ્યાને લીધેલો કહેવાશે. આવી ગરીબી જ્યારે દુર થશે ત્યારે આપણે પ્રગતિ કરી કહેવાશે.

આ બધું જોતાં એટલું તો ચોખ્ખું દેખાય છે કે ૨૦૧૪ની ચુંટણીઓ કદાચ વિકાસ અને સુશાસન ના મુદ્દે લડાય. ગરીબીના મુદ્દે નહી, કારણકે નેશનલ સેમ્પલ સર્વેના આંકડા મુજબ છેલ્લા થોડા વર્ષોમાં દેશની ગરીબીમાં ૧૮.૨ ટકા પોઈન્ટમાં ઘટાડો થયો છે.અને લોકોના માથાદીઠ ખર્ચમાં ૨૮ ટકા વૃધ્ધિ થઈ છે.(પરિમલ નથવાણી, રાજ્ય સભાના સાંસદ , સૌ.સંદેશ)

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# આધાર પર પાંચ જજની બંધારણીય બેન્ચનો ૪ વિરુધ્ધ ૧નો ઐતિહાસિક ચુકાદો : આધાર એક્ટને શરતી બંધારણીય માન્યતા : બેન્ક ખાતા અને મોબાઇલ નંબર માટે આધારની અનિવાર્યતા નાબુદ

ભારતના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાના નેતૃત્વ હેઠળની સુપ્રીમ કોર્ટની પાંચ બંધારણીય બેન્ચે આધાર એકટ ૨૦૧૬માં કેટલાક સુધારા સાથે બંધારણીય માન્યતા આપી દીધી છે. ૪ વિરુધ્ધ એક જજના ચુકાદામાં બંધારણીય બેન્ચે આધારને અદ્વિતિય વ્યવસ્થા ગણાવતાં જણાવ્યુ હતું કે શ્રેષ્ઠ કરતાં અદ્વિતિય હોવું સારુ છે.આધાર ન હોય તો નાગરિકને અધિકારથી વંચિત રાખી શકાય નહીં. આધાર કેસના ચુકાદાના ૩ સેટ જાહેર કરાયા હતા. પહેલા સેટમાં જસ્ટીસ એ.કે.સિકરીએ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એ,ખાનવિલકર અને પોતાના વતી ચુકાદો લખ્યો હતો.આ બેન્ચના વધુ બે ન્યાયાધીશો જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ અને જસ્ટીસ અશોક ભુષણે અલગથી પોતાના ચુકાદા લખ્યા હતા.જસ્ટીસ ચંદ્રચુડે ૪ જજના ચુકાદાથી વિરુધ્ધમાં ચુકાદો આપતાં આધાર એકટને ગેરબંધારણીય ગણાવ્યો હતો.જ્યારે જસ્ટીસ મિશ્રા, જસ્ટીસ સિકરી અને જસ્ટીસ એ.એમ.ખાનવિલકરે તેમના ચુકાદામાં પાન અને આઈટી રિટર્નમાં આધારને જોડવાના સરકારના નિર્ણયને યોગ્ય ઠરાવ્યો હતો.જ્યારે બેન્ક ખાતા અને મોબાઈલ નંબર સાથે આધારને જોડવાનો નિર્ણયને રદબાતલ જાહેર કર્યો હતો. ૩ જજના ચુકાદામાં જણાવાયું હતું કે શાળામાં પ્રવેશ માટે આધાર ફરજીયાત નથી.આધારનંબર ન હોય તેમાટે કોઇ બાળકને કોઈપણ યોજનાથી વંચિત રાખી શકાય નહીં. તે સીબીએસઇ,નીટ,યુસીજીની પરીક્ષાઓ આપતાં વિદ્યાર્થીઓ માટે પણ આધાર ફરજીયાત કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે આધાર ઓથેન્ટીકેશનમાં નિષ્ફળતાના કારણે કોઈપણ નાગરિકને સમાજ કલ્યાણ યોજનાઓના લાભોથી વંચિત રાખી શકાશે નહીં.આધાર સમાજના પછાત વર્ગોના સશક્તિકરણ અને આગવી ઓળખ માટે છે. ફક્ત ૩ ટકા જેટલાં લોકોને બહાર રાખવા માટે ૯૭ ટકા ને આધારના લાભથી વંચિત રાખી શકાય નહીં.કોઈ વ્યક્તિ બાથટબના પાણીની સાથે તેના બાળકને બહાર ફેકી શકે નહીં.જસ્ટીસ ભુષણે કહ્યુ હતું કે આધારના નામે લાભાર્થીઓને સેવાઓ અને સબસીડીથી વંચિત રાખી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે તેના ઐતિહાસિક ચુકાદામાં બહુમતીથી આધાર એકટની કલમો ૩૩(૨),૪૭ અને ૫૭ રદ કરી નાંખી હતી.જેમાં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય સુરક્ષાના આધારે ડેટા શેર કરવાની જોગવાઇ ૩૩(૨)ને નાબુદ કરી હતી.તેઉપરાંત ધાર એક્ટના ઉલ્લંઘન માટેના ન્યાયિક અધિકારક્ષેત્ર પર નિયંત્રણો લાદતી કલમ ૪૭,કોર્પોરેટ કંપની અને વ્યક્તિઓને આધાર ડેટા શેર કરવાની જોગવાઈ કરતી કલમ ૫૭ રદ કરી નાંખી હતી. તેથી હવે રાષ્ટ્રીય સુરક્ષાના આધારે કોઇ નાગરિકની માહીતી જાહેર કરી શકાશે નહીં. એ ઉપરાંત કોર્પોરેટ કંપનીઓ આધાર ડેટાનો ઉપયોગ કરી શકશે નહીં.

જસ્ટીસ ચંદ્રચુડે આધાર માટે કહ્યુ હતું કે સરકારી સેવાઓ માટે આધાર ફરજીયાત બને તો જીવવું અશક્ય છે.આધાર એક્ટને મની બિલ તરીકે પસાર કરવો બંધારણ સાથે છેતરપીંડી છે.આધાર પ્રોજેક્ટ માહીતિ ગત



પ્રાઈવસી અને ડેટા પ્રોટેકશનનું ઉલ્લંઘન કરે છે.ટેકનોલોજીની ખામીઓને કારણે બંધારણીય અધિકારો સાથે સમાધાન કરી શકાય નહીં.આધાર અંતગર્ત માહીતીના આધારે જાસુસી થઈ શકે છે.બંધારણના આર્ટીકલ ૧૧૦નું ઉલ્લેઘન થતુ હોવાથી એક્ટને રદ કરવો જોઈએ.લોકસભામાં મની બિલ તરીકે આધાર એક્ટને પસાર કરાવી રાજ્યસભાની અવગણના કરી શકાય નહી.ટેલીકોમ કંપનીઓએ ગ્રાહકો પાસેથી ઉઘરાવેલા ડેટા ડીલીટ કરી નાંખવા જોઈએ.

સુપ્રીમ કોર્ટના ચુકાદાથી વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે.શાળા પ્રવેશ માટે આધારને રદ કરી દેતાં વિદ્યાર્થીઓને માટે મોટી રાહત મળી છે.શાળામાં પ્રવેસ માટે આધારકાર્ડ રજુ કરવું નહીં પડે.તે ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ આધારની અનિવાર્યતા રદ કરી દેવાઈ છે.

## એસસી-એસટી વર્ગને પ્રમોશનમાં અનામત આપી શકાશે : સુપ્રીમ કોર્ટ

એસસી-એસટી કર્મચારીઓને સરકારી નોકરીમાં પ્રમોશન દરમિયાન અનામત આપવાના મુદ્દે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે મહત્વનો ચુકાદો આપ્યો હતો.બંધારણીય બેન્ચે જણાવ્યુ હતું કે આ મુદ્દે ૨૦૦૬માં જે ચુકાદો આપવામાં આવ્યો હતો તે યોગ્ય છે.એમ.નાગરાજના ચુકાદા અંગે ફેર વિચાર કરવામાં નહીં આવે.સુપ્રીમ કોર્ટ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ કુરિયન જોસેફ,જસ્ટીસ આર. નરીમાન, જસ્ટીસ સંજય કિશન કૌલ, અને જસ્ટીસ ઈન્દુ મલ્હોત્રાના વડપણ હેઠળની બંધારણી બેન્ચે જણાવ્યુ હતું કે આ કેસને સાત જજની ખંડપીઠને મોકલવી જરુર ની.જસ્ટીસ સીકરીએ ચુકાદો વાંચતા કહ્યુ હતું કે સરકારે એસસી-એસટી વર્ગને પ્રમોશનમાં અનામત આપી શકાય તેમ છે.સરકાર પોતાની રીતે આ નિર્ણય લઈ શકે છે.નોકરીના પદો ઉપર ખાલી જગ્યાઓ અને એસસી-એસટી વર્ગના આંકડા ભેગા કરીને તેની સરખામણીના આધારે યોગ્ય નિર્દેશોને આધીન રહીને નિર્ણય લઈ શકે છે.ઉલ્લેખનીય છે કે સરકારે થોડા સમય પહેલા જણાવ્યુ હતું કે તેઓ પ્રમોશન માટે અનામત આપવા અંગે આંકડા ભેગા કરશે. કોર્ટે તે અંગે પણ હાલ જરુર નહીં હોવાનો ઉલ્લેખ કર્યો હતો.થોડા સમય પલહેલા કોર્ટે સુપ્રીમમાં જણાવ્યુ હરરતું ક ૨૦૦૬માં નાગરાજ કેસમાં આવેલો ચુકાદો એસસી-એસટી કર્મચારીઓને પ્રમોશનમાં અનામત આપવામાં અડચણરુપ બની રહ્યો છે.એટર્ની જનરલ વેણું ગોપાલે જણાવ્યુ છે કે આ નિર્ણયથી અનામત આપવાના દરેક કેસમાં તમામ શરતોનું પાલન કરવું શક્ય નથી.

## ઇન્ડોનેશીયામાં આવેલ ભુકંપ અને સુનામીથી ભારે નુકશાન અને ૪૦૦થી વધુ મોત

ઈન્ડોનેશીયામાં આવેલા ભયંકર ભુંકપ અને સુનામીને કારણે ૪૦૦થી વધુ લોકોના મોત નિપજ્યા છે.એક સાથે બબ્બે કુદરતી હોનારતોને કારણે હજારો લોકોને તેની અસર પહોચી છે.દરિયા કિનારે કોઈ ઉજવણીના પ્રસંગે એકઠા મળેલા લોકોને સુનામીનો કહેર ભરખી ગયો હતો.ભુકંપથી અને ઈમારતો પડી ગઈ છે.ઈમારતોના કાળમાળ નીચં મોટી સંખ્યામાં લોકો દટાઈ ગયા હોવાની શંકા વ્યક્ત કરાઈ છે.બીચ ફેસ્ટીવલને કારણે હજારો લોકો એકઠા મળ્યા હતા.૭.૫ની તીવ્રતાના શક્તિશાળી ભુકપે દરિયાના ૨૦ ફુટ ઉચા મોજા ઉછાળ્યા હતા.જેમાં સેકડો લોકો લાપત્તા થયા હોવાનુ મનાય છે.

ઈન્ડોનેશીયાના રાષ્ટપ્રમુખ જોકો વિડોડોએ જણાવ્યુ હતું કે પીડીતો અને મૃતદેહોને શોધવામાં રાહત અને બચાવ ટુકડીઓને મદદ કરવા સેના મોકલવામાં આવી છે.દેશની સર્ચ એન્ડ રેસ્કયુ એજન્સીના વડા મુહમ્મદ સ્યોગીએ જણાવ્યુ હતું કે સ્થાનીક કર્મચારીઓને મોટી સંખ્યામાં મૃતદેહો મળી રહ્યા છે.

ઈન્ડોનેશીયાના ડીઝાસ્ટર મિટિગેશન એજન્સીના પ્રવકતા સુતોપો પુર્વોએ જણાવ્યુ હતું કે અમે સુનામી અંગેની ચેતવણી જારી કરી હતી. છતાં લોકો બીચ પર તેમની પ્રવૃત્તિઓ અને ઉજવણીમાં મશગુલ હતા.સુનામીના પ્રચંડ મોજા આવતા તેઓ તેમને બચાવી શક્યા નહોતા.

### જાણવા જેવું

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

માનવીનો કાન પચાસ વર્ષમાં અર્ધોઇંચ જેટલો વધે છે.

દુનિયાની સૌથી મોટી સડક બ્રાઝીલની ધ મારુ મીટલ એક્સિસ પરથી એક સામટી એકસો સાઈઠ(૧૬૦)મોટરો દોડે છે.




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# રોયલ સ્વીડીશ એકેડેમી ઓફ સાયંસીઝે અર્થશાસ્ત્રના નોબલ પુરસ્કારની ઘોષણા કરી

અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કાર અમેરિકાના વિલિયમ ડી નોધાર્સ અને પોલ એમ.રોમરને અર્થશાસ્ત્રના સ્વેરીજ રિક્સબેન્ક પ્રાઇઝ માટે આપવામાં આવ્યા છે.જળવાયુ પરિવર્તન પર નવા પ્રકારની ટેકનીકોની શોધ માટે તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.તેઓ મેક્રોઇકોનોમિક્સ એનેલિસિસના ક્ષેત્ર સાથે જોડાયેલા છે.તેમણે પ્રકૃતિ અને માર્કેટ ઇકોનોમી વચ્ચેના સબંધ વિસ્તરિત કરનારા મોડેલ બનાવ્યા છે.આ સાથે જળવાયું પરિવર્તનથી થનારા નુકશાનને રોકવાના ઉપાયો પર શોધ કરી છે.ઉલ્લેખનીય છે કે ૧૯૦૧ થી સતત વિજ્ઞાન,ઇકોનોમિક્સ,સાહિત્ય અને શાંતિના ક્ષેત્રમાં આ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.નોધાર્શને આ પુરસ્કાર તેમના ક્લાઇમેટ ઇકોનોમિક્સ માટેના કાર્ય માટે આપવામાં આવશે અને રોમરને તેમની એન્ડોજિનસ ગ્રોથ થીયરી માટે આ પુરસ્કાર અપાશે. તેઓએ આપણા સમયના સૌથી મુળભુત અને મહત્વપુર્ણ મુદ્દા : વૈશ્વિક ઇકોનોમીમાં લાંબા ગાળાની સાતત્યપુર્ણ પ્રગતિ અને વૈશ્વિક જનસંખ્યાનું કલ્યાણ જેવા વિષય પરની પધ્ધતિઓ ડીઝાઇન કરી છે.

# કેન્દ્ર સરકારે ચાલુ ખાતાની ખાધ ઓછી કરવા માટે ટેલીકોમ સાધનો સહિતની અનેક ચીજોમાં કસ્ટમ ડ્યુટી વધારી

દેશની ચાલુ ખાતાની ખાધને ઘટાડવા માટે સરકારે અનેક ચીજો પર કસ્ટમ જકાત હાલના ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દીધી છે અને તેના કારણે ટેલીકોમ ઉપકરણ સહિત અનેક ચીજો મોંઘી બની છે.રુપીયો નબળો પડવાને કારણે ચુકવણી માટે જંગી રુપીયા ખર્ચાતા હોવાથી સરકારે બિનજરુરી ચીજોની આયાતમાં કાપ મુકી ર હી છે.તેના કારણે તાજેતરમાં બીજી વખત કસ્ટમ જકાતમાં વધારો થયો છે.

દેશનું આર્થિક ફંડામેન્ટલ્સ મજબુત છે તે અંગે રોકાણકારોને ખાતરી આપવા તેમજ કોઇ પણ સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવાનો ઉરાદો છે તે જણાવવા સરકાર આ પગલું ભરી રહી છે.પોતાની ઓળખ જાહેર નહીં કરવાની શરતે એક અધિકારીએ જણાવ્યુ હતું કે ચાલુ ખાતાની ખાધ,ચુકવણીની તુલા અને રુપીયો એ અમારી મુખ્ય ચિંતાની બાબત છે. અમે આ ત્રણ બાબતો પર નજર રાખી રહ્યા છીએ.અમે એક વ્યુહ અમલમાં મુક્યો છે. જો જરુર પડશે તો સરકાર ચુકવણીની તુલાના અંતરને દુર કરવા માટે વિવિધ સ્વરુપોમાં દરમિયાનગીરી કરશે. આ ઉપરાંત પણ જરુર પડશે તો વધુ પગલાં ભરાશે. ભારતની ચાલુ ખાતાની ખાધ ૨૦૧૮-૧૯માં પ્રથમ ત્રણ મહિનામાં જીડીપીના ૨.૪ ટકા જેટલી હતી. હવે તે સંપુર્ણ વર્ષમાં વધીને ત્રણ ટકા સુધી પહોચી જશે તેમ અર્થશાસ્ત્રીઓનું માનવું છે.મોટાપાયે મુડીનો પ્રવાહ જતો હોવાની સાથે સાથે ખાધને નાણાં સહાય એ પણ પડકાર છે. જો કે ભારતની વિદેશી હુંડિયામણની અનામતો પુરતી છે. રુપીયો આ વર્ષમાં અત્યારસુધીમાં ૧૬ ટકાથી વધુ નબળો પડ્યો છે.દેશમાં પેટ્રોલ ડીઝલના ભાવવધારાનો સીલસીલો ચાલુ છે.જો એ આ વધારો એવા સમયે થઇ રહ્યો છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિમતોમાં પાચ ડોલર સુધીનો ઘટાડો થયો છે.ભાવ ઘટાડાની સરકારે જાહેરાત કર્યા છતાં ભાવો વધતા રહ્યા છે.

# મુંબઇમાં પરપ્રાતિય લોકો કામ કરવાનું બંધ કરી દેશે તો શહેર થંભી જશે

મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા સંજય નિરુપમે ગુજરાતમાં ઉત્તરપ્રદેશ અને બિહારના મજુરો પર થઇ રહેલા હુમલાઓના સંદર્ભે કહ્યુ છે કે મુંબઇમાં ઉત્તર ભારતીય સમુદાય કામ કરવાનું બંધ કરી દેશે તો સમગ્ર શહેર થંભી જશે. અને લોકોને મળતું ભોજન પણ બંધ થઇ જશે. મુંબઇ કોંગ્રેસના અધ્યક્ષ નિરુપમે કોઇ વ્યક્તિ કે રાજકીય પાર્ટીનું નામ લીધા વિના કહ્યુ હતું કે ઉત્તર ભારતીય સમુદાયને એવું કદમ ઉઠાવવા માટે મજબુર ના કરવો જોઇએ. હાલમાં જ ગુજરાતમાં ૧૪મહિનાની બાળકી પર થયેલા પાશવી અત્યાચારની ઘટના પછી પરપ્રાંતિય લોકોને ગુજરાત છોડી દેવાની ધમકીઓની ઘટના અંગે પણ ઉલ્લેખ કરીને તેમણે વડાપ્રધાન મોદી પર નિશાન તાક્યું હતું.ગુજરાતમાં મોટા પ્રમાણમાં પરપ્રાંતિય મજુરો કામ કરે છે અને રોજીરોટી કમાય છે.વડાપ્રધાન મોદીએ ન ભુલવું જોઇએ કે તેઓ ઉત્તર પ્રદેશના વારાણસીથી ચુંટણી જીત્યા છે.તેમણે કહ્યુ હતું કે કે મુંબઇમાં ઉત્તર ભારતીય સમુદાય લોકોના જીવનનો ધબકાર યથાવત રાખે છે. અને તેમના ખભા પરના બોજનું વહન કરે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્વળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ :-** ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ :** ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# એકાદ ઘટના અને ગુનેગાર માટે સમગ્ર સમાજને દંડિત ના કરાયઃ નીતિશકુમાર



ગુજરાતમાંથી ઉત્તર ભારતીયોની હિજરત અને તેમની પર થઇ રહેલા હુમલા અંગે બિહાર અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીઓએ ચિંતા વ્યક્ત કરી છે. તો કેન્દ્રીય મંત્રી રામ વિલાસ પાસવાને પણ તેમાં સુર પુરાવ્યો છે.ગુજરાતમાં ૧૪ મહિનાની બાળકી પર કરાયેલા પાશવી અત્યાચારની ઘટનાને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે દોષિતને સજા મળવી જોઇએ પરંતુ સાથે સાથે સમગ્ર સમાજને ચીતરીને તેને નિશાન ન બનાવવો જોઇએ. ગુજરાતના મુખ્યમંત્રી રુપાણી સાથે ટેલીફોન પર વાત કર્યા બાદ નીતિશે કહ્યુ હતું કે અમારી સરકાર તે જાણે છે અને એલર્ટ છે.મે ગુજરાતના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી છે.અમારા ચીફ સેક્રેટરી અને ડીજીપી પણ ગુજરાતમાં તેમના સમકક્ષો સાથે સંપર્કમાં છે.જો કોઇએ ગુનો કર્યો હોય તો તેને આકરી સજા મળવી જોઇએ. પરંતુ એ માટે સમગ્ર રાજ્ય સામે લોકોએ રોષ ન કાઢવો જોઇએ.



બીજી બાજુ યુપીના મુખ્યમંત્રી યોગીજીએ કહ્યુ હતું કે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી સાથે ફોન પર વાત કરી હતી. રુપાણીએ તમામ સલામતીની ખાતરી આપી હતી.યોગીજીએ કહ્યુ હતું કે છેલ્લા ત્રણ દિવસમાં કોઇ ઘટના બની નથી.તેમણે લોકોને અફવા પર ધ્યાન ન આપવા કહ્યુ હતું.

માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઇ ધરાવે છે.

માદા કાચબો ૧૦૦૦ બચ્ચાઓને જન્મ આપે છે. પરંતુ કમનસીબે આ ૧૦૦૦ બચ્ચામાંથી ફક્ત ૧ બચ્ચું જ જીવીત રહે છે.પ્રાગેતિહાસિક કાળમાં કાચબાઓનું વજન ૫ હજાર પાઉન્ડ જેટલું હતું.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.